# અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયાની બામણવાડ ગામની આકસ્મિક મુલાકાત

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર અને જીલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયા ચાર્જ સાંભળ્યા પછી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોની ઓચિંતી મુલાકાત લઈ હાલ જિલ્લાની સિસ્ટમને ઠીક કરવા તેમજ વિવિધ બદલાવ કરવા માટે સરકારી કચેરી, ગ્રામ પંચાયત, ગ્રામ્ય વિસ્તારમાં થયેલા વિકાસના કામો તેમજ શાળાઓની અને આંગણવાડીઓની મુલાકાત કરી રહ્યા છે. જીલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયાએ બામણવાડ ગામની આકસ્મિક મુલાકાત લેતા વહીવટીતંત્ર દોડતું થઈ ગયું હતું. બામણવાડ ગ્રામ પંચાયતમાં રેકોર્ડનું અપડેટ થયું છે કે કેમ..? અને વિકાસના કામોની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયા ગ્રામ્ય વિસ્તારોની સતત મુલાકાત



લઈ રહ્યા છે. જીલ્લા વિકાસ અધિકારીની સાથે તાલુકા વિકાસ અધિકારી ગોપાલ પટેલ પણ બામણવાડ પહોંચ્યા હતા. બામણવાડ ગ્રામપંચાયતના રેકર્ડની તપાસ હાથ ધરાવાની સાથે પ્રાથમિક શાળાની અને આંગણવાડીની ઓચિંતી મુલાકાતે પહોંચી ગયા હતા જ્યાં તેમણે મધ્યાહન ભોજન અંગે ચકાસણી કરી હતી. બાળકોને મધ્યાહન ભોજનમાં શું-શું મળે છે અને ભોજન કેવું મળે છે અને મધ્યાહન ભોજનમાં વપરાતા ખાદ્ય પદાર્થોની પણ ચકાસણી જીલ્લા વિકાસ અધિકારીએ કરી હતી. શાળાના બાળકો સાથે અભ્યાસ અંગે ચર્ચા કરવાની સાથે બાળકોના અભ્યાસ કરવાની સાથે પ્રશ્નોત્તરી પણ કરી હતી.



અરવલ્લી જીલ્લા કલેક્ટર અને જીલ્લા વિકાસ અધિકારીનો આકસ્મિક ગ્રામ્ય પ્રવાસથી ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા કર્મચારીઓ, ગ્રામ પંચાયતો અને શાળામાં અને આંગણવાડીમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

# શામળાજી પોલીસે રાવતાવાડા નજીક મેક્સ જીપમાંથી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૧૦

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીની કડક અમલવારી ફક્ત કાગળ પર રહી છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતના દારૂબંધી અંગેના નિવેદન પછી રાજયના રાજકારણમાં ધમાસાણ મચ્યું છે. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ પણ આડકતરી રીતે ગુજરાત પોલીસ અને રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી સુધી દારૂનાં હપ્તા જતા હોવાનો આરોપ લગાવ્યો હતો.

રાજ્ય પોલીસવડાએ દારૂબંધીની ચુસ્ત અમલવારી માટે પોલીસતંત્રને તાકીદ કરી છે. પરપ્રાંતીય અને સ્થાનિક બુટલેગરો માટે આશીર્વાદસમા રતનપુર ચેકપોસ્ટ પર શામળાજી પોલીસે સઘન સુરક્ષા અને રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરી બુટલેગરોના વિદેશી દારૂ ઘુસાડવાના મનસૂબા પર પાણી ફેરવી રહી છે.

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી ટ્રકમાંથી ૧૪.૫૪ લાખનો વિદેશી દારૂ




ઝડપી પાડવાના ગણતરીના કલાકોમાં રાવતાવાડા નજીકથી મેક્સ જીપમાંથી ૯૦ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પીએસઆઈ સંજય શર્મા અને તેમની ટીમે રાજસ્થાનના ડેડલી ગામ તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા પોલીસ ચેકીંગ જોઈ મેક્સ જીપનો ચાલક રોડની બાજુમાં મેક્સ જીપ મૂકી ફરાર થઈ જતા શામળાજી પોલીસે મેક્સ જીપ (ગાડી. નં. જીજે.૦૪. બીઈ.૫૭૩૬)માં તલાસી લેતા ગાડીમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૬૮૪ કિં. રૂ. ૯૦૦૦૦ અને મેક્સજીપ કિં. રૂ.૩૦૦૦૦૦ મળી કુલ રૂ. ૩૯૦૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર જીપચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસા તાલુકા પોલીસ દ્વારા ગાડીમાંથી વિદેશી દારૂ ઝડપાયો

સમગ્ર રાજ્યમાં દારૂ મુદ્દે રાજકારણ ગરમયી છે ત્યારે રાજસ્થાનમાંથી ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે બનાસકાંઠાના માર્ગો ઉપરથી વાહનો મારફત ચોરી છુપીથી ઘુસાડવામાં આવતો હોવાની બુમો અને જિલ્લા પોલીસ વડાની સૂચનાના પગલે તેમજ



બનાસકાંઠામાંથી પ્રોહીબેશન ની પ્રવુતિ તેમજ પોલિશ મહાનિદર્શકની સ્પેસયલ ડ્રાઈવ અન્યવે ડીસા તાલુકા પી. આઈ.એમ. જે. ચૌધરીને મળેલ બાતમી આધારે સ્ટાફને સાથે કંસારી ટોલનાકા પાસે વાહન ચેકીંગ દરમિયાન ટોયોટા કમ્પનીની કાર્લોસ કાર (નં.જી જે ૦૨ આર ૫૫૮૭) માં આગળના ભાગે ચોર ખાનામાં ગેર કાયદેસર પાસ પરમીટ વગરનો વિદેશી દારૂ બિયર ૧૪૪ કિંમત ૪૮૬૦૦ અને ગાડી તેમજ મોબાઈલ મળી કુલ ૧૬૩૬૦૦ નો મુદ્દામાલ સાથે બે ઈસમો ક્રિષ્નારામ ગોર્ધનરામ બીસનોઈ તથા મોહનરામ બાબુરામ બીસનોઈ (બન્ને રહે. કાંતોલ સરનાઉ તા રાણીવાડા )ને ઝડપી કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ડીસાના ભોપાનગર ખાતે એક જ કોમના બે જૂથ બચ્ચે અથડામણ

ડીસાના ભોપાનગરના ત્રિકમવાડી વિસ્તારમાં રહેતા સૈલેશભાઈ પાનાભાઈ સરાણીયા બુધવારે રાત્રે જમીને બહાર નિકડયા હતા.આ દરમ્યાન તેઓના સમાજના રોમાં ભીખા સરાણીયા દેવા કોના સરાણીયા તેમજ અજય સોના સરાણીયા તથા હબીબ પંચાલ તમામ રહે જુના ડીસા સ્વીફ્ટ તથા બોલેરો ગાડી લઈને આવ્યા હતા.બાદમાં આ તમામ શખ્સોના હાથમાં લોખડની પાઈપો લઈને ઉતર્યા બાદમાં આ શખ્સોએ શૈલેષ ભાઈ ને કહ્યું હતું કે તું કેમ અમારી પોલીસમા બાતમી આપે છે તેમ કહી અપશબ્દો બોલ્યા હતા. તેઓએ અપશબ્દો બોલવાની ના કેહતા પીઠ ઉપર પાઈપો વડે માર મારતા તેઓ ગંભીર હદે ઘવાયા હતા. જોકે બનાવના પગલે આસપાસ માંથી લોકો એકત્રિત થઈ તેઓને માર માંથી છોડાવ્યો હતો.બાદમાં આ શખ્સો તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહયા હતા.જોકે ગુરુવારે પણ મામલો બીચકતા ફરીથી મારા મારી સર્જાતા પાંચથી વધુ લોકો ઘવાયા હતા.બનાવના પગલે ડીસા પોલોસ તત્કાલ ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિ પર કાબુ મેળવવા પ્રયત્ન કર્યો હતો. બીજી તરફ મારામારીમાં પાંચથી વધુ લોકો ઘાયલ થતા તેઓને સારવાર માટે ડીસા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.



## મોડાસા ઓધારી માતાજી મંદિર પાસે તળાવ ગરબાથી દૈદિપ્યમાન

નવરાત્રીમાં શક્તિની આરાધના સાથે સાથે ગરબાનું ઘરે ઘરે સ્થાપનનું અનેરૂ મહત્વ છે. જીલ્લામાં ઠેર ઠેર નવરાત્રી પર્વની સાથે માતાજીની ગરબી સ્થાપી ઘરે દસ દિવસ સુધી અખંડ જ્યોત જલાવી નવરાત્રી પર્વ પૂર્ણ થતા મોડાસાના ઓધારી માતાજીના મંદિર પરિસરમાં ગરબા વળાવતા પરિસર દીવડાથી ઝગમગી ઉઠ્યું હતું. મંદિરના પૂજારી અતુલ જોશીના જણાવ્યા અનુસાર પરિસરમાં ગરબા અને દીવડાઓથી મંદિરમાં દૈદિપ્યમાન માહોલ સર્જાવાની સાથે પ્રજાજનો ભક્તિભાવપૂર્વક દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવે છે.

# બાયડમાં શંકરસિંહ વાઘેલાનો કટાક્ષ : ભાજપનો ભરોસો કરવો નહિ...

બાયડ, તા. ૧૦

બાયડ વિધાનસભાની પેટા ચૂંટણીનો જંગ જામ્યો છે. બાયડ વિધાનસભાના એનસીપીના ઉમેદવાર દોલતસિંહ ચૌહાણના પ્રચાર અર્થે બોરડી ગામે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા જાહેરસભાને સંબોધી હતી અને ભાજપ પર પ્રહારો કર્યા હતા. ભાજપના ભાવ એનસીપીના લીધે વધ્યા હોવાનું જણાવી ભાજપ પર ભરોષો કરવો નહિ..! રાત્રે અગિયાર વાગે મહેન્દ્રસિંહ વાઘેલાને બોલાવી કેસરિયો ખેસ પહેરાવી હાલ ભાવ પણ પુછાતા નથી અને ભાજપે છેતર્યા હોવાનું જણાવી કટાક્ષ કર્યો હતો. દારૂબંધી પર પણ કટાક્ષ કર્યો હતો. કોંગ્રેસના ડેમાઈ જીલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલ પણ સભામાં ઉપસ્થિત રહેતા અનેક તર્કવિતર્ક સર્જાયા હતા.



પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ચૂંટણીમાં દારૂની રેલમછેલ અને ક્વાંટરીયા વહેંચતા હોવાનું કહી રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતના નિવેદનને આડકતરી રીતે સમર્થન આપ્યું હતું.

અશોક ગેહલોતના દારૂબંધીના નિવેદન પછી રાજ્યમાં ખુલ્લેઆમ દારૂ મળે છે તેવો અનેક લોકો કહી રહ્યા છે, ત્યારે બાયડ બોરડી ખાતે આવેલા રાજ્યનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલ એનસીપીનાં નેતા શંકરસિંહ વાઘેલાએ પણ દારૂબંધી અંગે ફરીથી ભાજપ પર નિશાન તાક્યું હતું અને અશોક ગહલોતે શાબ્દિક રીતે કંઈ કહ્યું હશે.

પરંતુ રાજ્યનો એક એવો એક કિલોમીટર પણ એવો નહીં હોય કે ત્યાં દારૂની પોટલીઓ નહીં મળતી હોય. હું ગાંધીનગરમાં રહું છું. જો રાજ્યપાલ અને મુખ્યમંત્રીનાં બંગલાની પાછળ દારૂની ભઠ્ઠીઓ ધમધમતી હોય તો દારૂબંધી કેવી. શરમ છે સરકારને અને દારૂબંધીને. આની પર ફરીથી વિચાર કરવો જોઈએ. આ દારૂબંધી રાખો કે દારૂબંધી કાઢો. આ બધી ડ્રામાબાજીમાં આપણી જાતને છેતરવાની વૃત્તિ છે.

# ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને પુન: કેરોસીનનુ વિતરણ કરો : અશ્વિન કોટવાલ

હિંમતનગર, તા. ૧૦

ભારત સરકારની ઉજ્જવલા યોજના હેઠળ બીપીએલ કાર્ડધારકોને ગેસનો બાટલો અને સગડીઓ આપવામાં આવતા તેઓને કેરોસીનનુ વિતરણ બંધ કરવામાં આવ્યુ હતુ. આર્થિક રીતે નબળી પરિસ્થિતિના કારણે તેઓ ગેસનો બાટલો ભરાવવા અસમર્થ બન્યા છે ત્યારે આવા ગરીબ પરીવારોને પુનઃ કેરોસીનનો જથ્થો આપવા ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલે રજૂઆત કરી છે.

ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલે સાબરકાંઠાના કલેક્ટરને પત્ર લખી રજૂઆત કરી છે કે ભારત સરકારની ઉજ્જવલા યોજના હેઠળ બીપીએલ કાર્ડધારકોને એલપીજી ગેસ અને સગડીનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. ગેસનો બાટલો મળતા તેઓને અપાતો કેરોસીનનો જથ્થો બંધ કરવામાં આવ્યો છે. રાહતદરે ગેસ તો મળી ગયો છે પરંતુ ઘણા એવા પરિવારો છે જેઓ નબળી આર્થિક પરિસ્થિતિના કારણે ગેસનો બાટલો ભરાવી શકતા નથી. આર્થિક રીતે નબળા આ પરિવારોને રાહતદરનુ કેરોસીન પણ મળતુ બંધ થતાં તેઓ ખૂબ મુશ્કેલી અનુભવી રહ્યા છે. આવા પરિવારોને કેરોસીન આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

બીપીએલ કાર્ડધારકોને ગેસની સબસીડી વધુ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ ધારાસભ્ય અશ્વિન કોટવાલે રજૂઆત કરી છે.

# પાલનપુર માથુર વૈશ્ય ગુપ્તા સમાજ દ્વારા શસ્ત્ર પૂજન અને લક્ષ્મીપૂજનનો કાર્યક્રમ યોજાયો

પાલનપુર માથુર વૈશ્ય ગુપ્તા સમાજ દ્વારા માથુર વૈશ્ય મહાસભા ૧૩૨મી જયંતિ ઉત્સવ તથા દશેરા પર્વ અન્વયે શસ્ત્ર પૂજન અને લક્ષ્મીપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

પાલનપુર માથુર વૈશ્ય ગુપ્તા સમાજ દ્વારા માથુર વૈશ્ય ભવનના હોલમાં રંગોળી સ્વરૂપ માથુર વૈશ્ય પ્રતિક ચિન્હ તૈયાર કરી ૧૩૨ દિપક પ્રજ્વલ્લિત કરી સમૂહમાં પ્રાર્થના કરી માથુર વૈશ્ય મહાસભાની ૧૩૨મી જયંતિ ઉત્સવ કાર્યક્રમની ઉજવણી કરાઈ હતી.

આ ઉપરાંત દશેરા પર્વને લઈને શસ્ત્ર પૂજન તથા લક્ષ્મીપૂજન પણ કરવામાં આવ્યું હતું. પાલનપુરમાં રાવણ દહન કરનાર ભગવાન શ્રી રામ અને લક્ષ્મણ ની જોડીને પણ આમંત્રિત કરી તેઓની પર પુષ્પવર્ષા કરી સ્વાગત કરાયું હતું.



ભગવાન શ્રી રામ અને લક્ષ્મણજીની વિશેષ ઉપસ્થિતિમાં શસ્ત્ર પૂજન અને લક્ષ્મીપૂજન કરાયું હતું. આ પ્રસંગે સમાજના પ્રમુખ બિપિનભાઈ ગુપ્તા અને મંત્રી રાકેશભાઈએ તેઓનું પુષ્પમાળા પહેરાવી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પ્રભુ શ્રી રામ અને જગત જનની માં કૈલાદેવીની આરતી કરાઈ હતી. અંતમાં પ્રમુખ બિપિન ગુપ્તા અને મહિલા મંડળના પ્રમુખ સુનિતાબેન તથા ગુજરાત મંડળના અધ્યક્ષ અશોકભાઈ એ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

## પાલનપુરમાં રાજપૂત સમાજ દ્વારા શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો

આસુરી શક્તિઓ પર દૈવી શક્તિના વિજયના પ્રતિક સમા વિજયાદશમીના પર્વની પાલનપુર શહેર રાજપૂત સમાજ દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે શસ્ત્ર પૂજન કરાયું હતું.

પાલનપુર શહેર રાજપૂત સમાજ દ્વારા દશેરા પર્વની ઉજવણીના ભાગરૂપે ૧૭ મો શસ્ત્ર પૂજન કાર્યક્રમ સરસ્વતી હાઈસ્કુલ ખાતે યોજાયો હતો. જ્યાં પાલનપુર નગરપાલિકાના કારોબારી ચેરમેન દશરથસિંહ સોલંકી, અમરસિંહ ચૌહાણ સહિતના અગ્રણીઓએ શસ્ત્ર પૂજન કર્યું હતું.

# પાલનપુરની સીટી હોસ્પિટલમાં મહિલા દર્દીની છેડતી થતા હોબાળો

પાલનપુરની ખાનગી હોસ્પિટલ માં મહિલા દર્દીની છેડતી થતા હોબાળો થયો હતો. જેને પગલે મામલો પોલીસ થાણે પહોંચ્યો હતો.

પાલનપુરમાં ડો.વિનોદ બાવાની સીટી હોસ્પિટલ આવેલી છે. જ્યાં દાખલ મહિલા દર્દીની અન્ય યુવક દ્વારા છેડતી કરાઈ હતી. હોસ્પિટલમાં રાત્રે સુઈ રહેલી મહિલાની છેડતી થતાં હોસ્પિટલમાં હંગામો થયો હતો. મહિલા દર્દીની અન્ય દર્દીના સગાએ છેડતી કરતાં યુવકને પરિવારના લોકોએ મેથીપાક ચખાડી પોલીસને હવાલે કરાયો હતો. જોકે, સમગ્ર મામલે સીટી હોસ્પિટલના ડોકટરે હોસ્પિટલની ઈમેજ જાળવવા માટે મહિલા દર્દીને સહયોગ આપવાનો ઈન્કાર કરી હાથ અધ્ધર કરી દીધા હોવાના આક્ષેપો થયા હતા. દરમિયાન, પીડિત મહિલા દર્દી દ્વારા પુર્વ પોલીસ મથકે ફરિયાદની તજવીજ હાથ ધરાઈ હતી.

# પાલનપુરના લક્ષ્મીપુરામાં મહિલાઓ માથે ગરબો મૂકી ગરબે ઘૂમી



પાલનપુર

પાલનપુર તાલુકાના જુના લક્ષ્મીપુરા ગામની વર્ષોજૂની પરંપરા મુજબ ચાચર ચોકમાં માં અંબાની સ્થાપના કરવામાં આવી હતી. જ્યાં નવ દિવસ સુધી માં- અંબાની આરાધના કરી ગરબાની રમઝટ માણવામાં આવી હતી. અને જે ભાઈના ઘરે પ્રથમ ખોળે દિકરાનો જન્મ થયો હોય તે પોતાના ઘરે આઠમ અને નોમ બે દિવસ પોતાના ઘરે ગરબે રમી દશેરાના દિવસે ઉમિયા શક્તિ મંડળ આયોજિત ઉમિયા ચોકમાં ગરબા રમ્યા હતા. અને ઉમિયા માતાજીના મંદિરમાં ગરબો મૂકવામાં આવ્યો હતો. દશેરાના દિવસે બહેનો મોટી સંખ્યામાં માથે ગરબો લઈ માંના ચાચર ચોકમાં ગરબાની રમઝટ બોલાવી હતી.

# પાલનપુરમાં પોલીસને પડકાર ફેંકતા તસ્કરો : અંજલિ બંગ્લોઝમાં ચોરી

### શહેરમાં ચોરીની હેટ્રીક : રહીશોમાં ફફડાટ

પાલનપુરમાં પોલીસને પડકાર ફેંકતા તસ્કરોએ ચોરીની હેટ્રીક નોંધાવતા અંજલિ સોસાયટીમાં પણ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. જ્યાં એક કરતાં વધુ મકાનોના તાળા તોડી અંદરથી રોકડ રકમ તેમજ સોના ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા ૧૫૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પાલનપુરમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી પરિસ્થિતિ વચ્ચે તસ્કરો પોલીસને ખુલ્લો પડકાર ફેંકી એક પછી એક ચોરીઓની વરદાતને અંજામ આપી રહ્યા છે. પોલીસથી બેખોફ બનેલી તસ્કર ટોળકીએ ગત રાત્રે ચોરીની હેટ્રિક નોંધાવતા શહેરીજનોમાં ફફડાટ પ્રસરી ગયો છે. જ્યાં શનિવારે રાત્રે ધનિયાણા ચોકડી નજીક આવેલી સોસાયટી, રવિવારે રાત્રે ગૌરી



પાર્ક સોસાયટીમાં રહેતા શિક્ષક રાત્રે ગરબા જોવા ગયા હતા. તે દરમિયાન ત્રાટકેલા તસ્કરો તેમના મકાનમાંથી રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૫.૪૩ લાખના મુદ્દામાલની ચોરી કરી ગયા હતા.

જ્યારે પૂર્વ પોલીસ વિસ્તારના અંજલિ બંગલોજ માં રહેતા સવજીભાઈ માધુભાઈ ચૌધરીના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણ્યા શખ્સોએ અંદર પ્રવેશ કર્યો હતો. જ્યાં તિજોરીમાં પડેલા સોના ચાંદીના દાગીના સહિત રૂપિયા ૧૫૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી. તેમજ અન્ય મકાનોના તાળા પણ તોડ્યા હતા. દરમિયાન સવજીભાઈએ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તસ્કરો સામે ગુનો નોંધી ઝડપી લેવાના ચક્રોગતિમાન કર્યા છે.